તા. ૨૧. ૨. ૨૦૨૫
સંદેશ, પાના નં. ૧
ગાંધીનગર આવૃત્તિ

### નોકરિયાત યુવતીઓ માટે ગાંધીનગરમાં વર્કિંગ વુમન હોસ્ટેલ બનશે

# વાયબ્રન્ટ સમિટ પૂર્વે મેટ્રો ફેઝ-૨નું કામ પૂર્ણ કરાશે

## ત્રીજા ફેઝમાં ગિફ્ટ સિટી સામે સાડા પાંચ કિમી લાંબો રિવરફ્રન્ટ વિકસાવાશે

। ગાંધીનગર । (સં.ન્યૂ.સ.)

ગુજરાતના નાણાં મંત્રી કનુ દેસાઈ દ્વારા આજે વિધાનસભા ગૃહ ખાતે વર્ષ ૨૦૨૫-૨૬ માટે રાજ્યનુ અંદાજપત્ર રજુ કરવામાં આવ્યું. જેમાં વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા અંદાજપત્રમાં વિવિધ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. અંદાજપત્રમાં નાણાંમંત્રીએ રાજ્યના પાટનગર ગાંધીનગર માટે પણ કેટલીક મહત્વની બાબતો પર ફોકસ કર્યું છે. જેમાં સૌથી મહત્વનો પ્રોજેક્ટ ગીફ્ટ સિટી, મેટ્રો અને રિવરફ્રન્ટ પ્રોજેક્ટ પર આ વખતે પણ અંદાજપત્રમાં વિશેષ ભાર મૂકી નાણાંકીય જોગવાઈ કરવામાં આવી છે. નાગરિકોના આરોગ્યની પણ ચિંતા કરી છે. અમદાવાદ-ગાંધીનગરનો જોડતો મેટ્રો રેલ પ્રોજેક્ટમાં ફેઝ-૨નું કામ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં પુરું થઈ જશે તેવું નાણાંમંત્રીએ અંદાજપત્રની વિગતો આપતાં જણાવ્યું હતું.

નાણામંત્રી દેસાઈએ અમદાવાદ-ગાંધીનગર મેટ્રો પ્રોજેક્ટની પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે, અત્યારે ફેઝ-૨નું જે કામ ચાલી રહ્યું છે તે ચાલુ વર્ષના ડિસેમ્બરના અંત સુધીમાં પુર્ણ થશે. અત્રે નોંધવું રહ્યું કે, ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૪માં અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન દોડતી શરૂ થઈ છે. જેમાં સેક્ટર-૧ થી મોટેરા સ્ટેડિયમ સુધીનો રૂટ હતો. ત્યારબાદ થોડાક દિવસ પહેલા જ અમદાવાદ એપીએમસી સુધી મેટ્રો લંબાવવામાં આવી છે. એટલું જ નહિ મેટ્રો ટ્રેનની ફિક્વન્સી પણ વધારવામાં આવી છે. પહેલા દર દોઢ કલાકે મેટ્રો મળતી હતી તેના બદલે અડધા કલાકે મળતી થઈ છે. આગામી જાન્યુઆરી ૨૦૨૬માં વાયબ્રન્ટ ગ્લોબલ સમિટ યોજાવાની છે. તે પુર્વે ફેઝ-૨નું એટલેકે ડિસેમ્બર-૨૦૨૫ના અંત સુધીમાં પૂર્ણ કરી દેવાશે તેવું નાણાંમંત્રીએ આજરોજ અંદાજપત્રની વિગતો આપતા દરમિયાન જણાવ્યું હતું. આ મેટ્રો મહાત્મામંદિર સુધી પહોંચશે. હાલમાં ગાંધીનગરમાં તેનું જોરશોરથી કામ ચાલી રહ્યું છે.

હવેનું ગાંધીનગર એ માત્ર કર્મચારીઓનું નગર નથી રહ્યું. જ્યાં સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધીની જ જીંદગી જોવા મળતી હતી. ગાંધીનગર ચારેબાજુથી વિકસ્યું છે. મહાપાલિકાનો વિસ્તાર બંને બાજુથી છેક અમદાવાદને સ્પર્શી ચૂક્યો છે. એક સમયનું ગાંધીનગર માત્ર ૧ થી ૩૦ સેક્ટર સુધી ગણાતું, પરંતુ હવે તો સેક્ટર બહારનો વિસ્તાર એટલેકે ન્યુ ગાંધીનગર પણ છેલ્લા કેટલાક વર્ષોમાં પુર ઝડપે વિકસ્ય છે. તેને લઈને અહીં નોકરી તથા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરવા માટે યુવકોની જેમ યુવતીઓ પણ બહારગામથી ગાંધીનગર આવવા લાગી છે. ગાંધીનગરમાં છેલ્લા કેટલાક સમયથી પીજીના વ્યવસાયનો કન્સેપ્ટ ખૂબ વધ્યો છે. પરંતુ પીજીમાં યુવતીઓને રહેવામાં તકલીફો સહેવી પડે છે. અથવા વિવિધ કારણોસર યુવતીઓને પીજીમાં રાખવા ઝડપથી કોઈ તૈયાર નથી થતું. આ સ્થિતીએ બહારગામથી નોકરી કે અભ્યાસ અર્થે આવેલ યુવતીઓને રહેવાની તકલીફો જોવા મળે છે. આથી જ રાજ્ય સરકારે ગાંધીનગરમાં વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવવાની આજરોજ જાહેરાત કરવામાં આવી છે. જે ખૂબ મહત્વની બાબત છે.

વર્કિંગ વુમન હોસ્ટેલ બનવાથી યુવતીઓ પણ સ્વમાનભેર હવે રહી શકશે. આ ઉપરાંત અમદાવાદ-ગાંધીનગર વચ્ચે દેશનો સૌથી લાંબો રીવરફ્રન્ટ બનવાશે. જેમાં હાલમાં બીજા ફેઝની કામગીરી ચાલુ હોવાનું નાણાંમંત્રીએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, સાબરમતી નદી પર રિવરફ્રન્ટ બનાવવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો મહાત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. જેમાં ઈન્દિરાબ્રીજ સુધીનું કામ પુર્ણ થયું છે. બીજા ફેઝમાં ૫.૫ કિમીનું કામ હાલમાં પ્રગતિ હેઠળ છે. ત્યારબાદ ત્રીજા ફેઝમાં ગિફ્ટસિટી સામે સાડા પાંચ કિમી લાંબા રિવરફ્રન્ટને વિકસાવાશે. અમદાવાદ-ગીફ્ટસીટી-ગાંધીનગરને જોડતાં રિવરફ્રન્ટનું કામ આગામી ત્રણ વર્ષમાં પુર્ણ કરવાનું લક્ષ્ય છે.

### અંદાજપત્રમાં ગાંધીનગરને શું મળ્યું

- નોકરી માટે ઘરથી દૂર રહેતી મહિલાઓ માટે ગાંધીનગરમાં સુવિધાસભર વર્કિંગ વુમન હોસ્ટેલ બનશે
- અમદાવાદ-ગીફ્ટ સીટી-ગાંધીનગરને જોડતાં રિવરફ્રન્ટના બીજા ફેઝની કામગીરી ચાલુ છે, બાકીના પાંચ ફેઝની કામગીરી આગામી ત્રણ વર્ષમાં પૂર્ણ કરાશે. દેશના સૌથી લાંબા રિવરફ્રન્ટના કામ માટે બજેટમાં ૩૫૦ કરોડની જોગવાઈ કરાઈ
- અમદાવાદ-ગાંધીનગર અને સુરત મેટ્રો વિસ્તરણનું કામ ચાલે છે, જેમાં મેટ્રો ફેઝ-૨ ડિસેમ્બર-૨૦૨૫માં પૂર્ણ થશે, ત્યારે મેટ્રોના બધા કામો માટે બજેટમાં કુલ ૨૭૩૦ કરોડની જોગવાઈ કરાઈ
- ગાંધીનગરમાં ખોરાક અને ઔષધના નમૂનાઓની ચકાસણી માટે આધૂનિક લેબોરેટરી સ્થપાશે
- ગાંધીનગર સહિત ચાર મહાનગરોમાં કાર્ડિયાક, કિડની અને યુરોલોજી સેવાઓ શરૂ કરવા ૨૩૧ કરોડની જોગવાઈ
- સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ગાંધીનગર ખાતે પેરા હાઈ પરફોર્મન્સ સેન્ટરનું નિર્માણ કરવા ૩૩ કરોડની જોગવાઈ
- ગાંધીનગર ખાતે ૩૭૪ કરોડની અંદાજિત રકમના વિવિધ કક્ષાના ૧૬૮૦ ક્વાટર્સના કામ માટે ૧૨૦ કરોડની જોગવાઈ
- ગાંધીનગર-પેથાપુર મહુડી રોડ ઉપર ફ્લાય ઓવર, ફોરલેન રોડ અને જંકશન સુધારણા માટે ૮૫ કરોડની જોગવાઈ
- ગાંધીનગર સહિત પાંચ જેટલા શહેરમાં સ્ટેટ ક્લિન એર પ્રોગ્રામના અમલીકરણ કરાશે, જે માટે ૧૦૦ કરોડની જોગવાઈ
- ગિફ્ટ સિટીમાં માળખાગત સુવિધાઓના વિકાસ માટે ૭૨ કરોડની જોગવાઈ
- ગાંધીનગર સહિત રાજ્યના ૭ જિલ્લાના ૧૧ તાલુકાના ૩૭૧ ગામમાં ડોર ટુ ડોર ઘન અને પ્રવાહી કચરાના નિકાલ તેમજ જાહેર સ્થળોની સફાઈ માટે ૩૩૦ કરોડની જોગવાઈ
- ગાંધીનગર ખાતે સેન્ટ્રલ મોનિટરિંગ સ્ટેશન દ્વારા રીયલ ટાઈમ મોનિટરિંગ કરવા કુલ ૨૨૬૩ સ્માર્ટ વોટર ફ્લોમીટર અને ૫૦૦ ઓનલાઈન ક્વોલીટી એનાલાઈઝર લગાડવાની કામગીરી પ્રગતિ હેઠળ છે